|| શ્રી એકલિંગાય નમઃ ||

# સંતરામપુર વિભાગ ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ પ્રગતિ મંડળ ,અમદાવાદ

રજી. નંબર – ૩૨૯૨ , તા : ૧૪/૦૨/૧૯૯૪

## સંતરામપુર વિભાગ ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ પ્રગતિ મંડળ અમદાવાદનું બંધારણ.

### (૧) નામ :-

આ સંસ્થાનું નામ *"શ્રી સંતરામપુર વિભાગ ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ પ્રગતિ મંડળ: અમદાવાદ"* રહેશે.

### (૨) કાર્યાલય:-

આ સંસ્થાનું કાર્યાલય જે તે વર્ષ દરમિયાન જે પ્રમુખશ્રી/મંત્રીશ્રી તરીકે ચૂંટાયા હોય તેમનાં અમદાવાદ મુકામે કાયમી રહેઠાણનાં સ્થળે રહેશે. પરંતુ કારોબારી સમિતિ બહુમતિથી ઠરાવ કરી અન્ય કોઇ સગવડ ભર્યા સ્થળે કાર્યાલય રાખી શકશે.

### (૩) વર્ષ:-

આ સંસ્થાનું હિસાબી વર્ષ નાણાંકીય વર્ષ રહેશે. અર્થાત તે ૧ લી એપ્રિલે શરૂ થઇ બીજા કેલેંડર વર્ષની ૩૧મી માર્ચે પૂરું થશે.

### (૪) બંધારણની તારીખ:

આ બંધારણ તારીખ તા: ૧૯/૦૬/૧૯૭૭ થી અમલી બનશે.

### (૫) કાર્યક્ષેત્ર:-

આ સંસ્થાનું કાર્યક્ષેત્ર સંતરામપુર તાલુકામાં જેમનું અથવા જેમનાં પૂર્વજોનું વતન હોય તેવા અમદાવાદમાં, વતનમાં, અન્ય શહેરમાં, કે વિદેશમાં વસવાટ કરતાં ત્રિવેદી મેવાડા બ્રાહ્મણો પૂરતું મર્યાદિત રહેશે.

### (૬) શબ્દાર્થ:-

*આ બંધારણનાં અર્થઘટન માટે અન્ય કોઇ જગ્યાએ અસંગત ન હોય તો–*

(૧) મંડળ એટલે કે સંતરામપુર વિભાગ ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ પ્રગતિ મંડળ: અમદાવાદ ગણાશે.

(૨) આજીવન સભ્ય એટલે આર્ટીકલ:૫ માં દર્શાવેલ કાર્યક્ષેત્રમાં આવી જતી પુખ્ત વયની વ્યક્તિ કે જેણે આજીવન ફી ભરેલ છે.

(૩) હોદ્દેદારો શબ્દમાં પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી, સહમંત્રી, માનદ ઑડિટર અને ખજાનચીનો સમાવેશ થશે.

(૪) કારોબારી સમિતિ એટલેકે ત્રણ વર્ષ માટે સામાન્ય સભ્યો વ્દારા ચૂંટાયેલ સમિતિ.

(૫) મિલકત શબ્દમાં સ્થાવર અને જંગમ મિલકતનો સમાવેશ થશે.

(૬) જ્ઞાતિજનો એટલે કે આર્ટિકલ: ૫ માં દર્શાવેલ કાર્યક્ષેત્રમાં આવી જતા જ્ઞાતિજનો.

(૭) 'કુટુંબ' શબ્દમાં પતિ, પત્ની અને તેમનાં સગીર બાળકોનો સમાવેશ થશે. આ હેતુ માટે પુખ્ત ઉંમરની વ્યક્તિ અલગ કુટુંબ ગણાશે. પછી ભલે તે માતા પિતા કે અન્ય કુટુંબ સાથે વસવાટ કરતી હોય.

(૮) મૂડી ભંડોળ એટલે દાતાઓ તરફથી મૂડી–ખર્ચ માટે મળેલ ભેટ, સખાવત અને દાન અને તેમાં પ્રવેશ ફીનો સમાવેશ થશે.

(૯) 'ખાસ ભંડોળ' એટલે ખાસ હેતુઓ જેવાકે શિક્ષણ, મેડિકલ સહાય, મૃત્યુ સહાય, વિશિષ્ટ પ્રસંગો માટે. દાતાઓ /આજીવન સભ્યો તરફથી મળેલ ભેટ, સખાવત કે દાન.

### (૭) ઉદ્દેશ્ય:-

આ મંડળની સ્થાપનાનાં ઉદ્દેશ નીચે મૂજબ છે.

(૧) જ્ઞાતિજનોનો સામાજીક અને આર્થિક ઉત્કર્ષ થાય તેવાં સઘળા કાર્યો કરવા.

(૨) જ્ઞાતિજનોનાં બાળકોને શિક્ષણ અંગે ફી, સ્કોલરશીપ વગેરે આપવા.

(૩) જ્ઞાતિજનોનાં આજીવન અને વેબસાઇટનાં તમામ સભ્યોને તથા તેમનાં તેજસ્વી બાળકોને પ્રોત્સાહક ઇનામો પાત્રતા અનુસાર આપવા તેમજ ઉચ્ચતર શિક્ષણ ધરાવતાં વિદ્યાર્થીઓનું સન્માન કરવું.

(૪) જ્ઞાતિજનોનાં બાળકો માટે વિદ્યાર્થી સહાયક પુસ્તકાલયો ઊભા કરવા તેમજ વ્યાજબી દરે પુસ્તકોની સવલત પૂરી પાડવી.

(૫) જ્ઞાતિજનોનાં સંમેલનો અને મેળવડાં યોજવા.

(૬) જ્ઞાતિજનોની ઇતર પ્રવૃત્તિઓને ઉત્તેજન મળે તે હેતુથી જુદી જુદી હરીફાઇઓ જેવી કે વકતૃત્વ સ્પર્ધા, ખેલકૂદ હરીફાઇઓ, નાટ્ય હરીફાઇઓ, રંગોળી હરીફાઇ વગેરેનું આયોજન કરવું અને વિજેતા ઉમેદવારોને યોગ્ય ઇનામો આપવા.

(૭) જ્ઞાતિજનો માટે સભાગૃહો, હોસ્ટેલો, ભોજન ખંડો વગેરે બાંધવા અને ચલાવવા.

(૮) વિદ્યાર્થીઓને જુદા જુદા ક્ષેત્રો, ધંધા, રોજગાર વગેરે અંગે યોગ્ય માહિતી મળે તે માટે ધંધાકીય માર્ગદર્શન સેમિનાર યોજવા.

(૯) જ્ઞાતિજનોને નોકરી અથવા વ્યવસાયમાં મદદરૂપ થાય તેવા રોજગાર કેન્દ્રો ઊભા કરવા.

(૧૦) ત્રિવેદી મેવાડા બ્રાહ્મણોનાં અન્ય મંડળો કે બ્રાહ્મણ સમાજનાં અન્ય મંડળોનાં સભ્ય થવું અથવા આવા મંડળોનાં પ્રતિનિધિને સભ્ય તરીકે લેવા.

(૧૧) અન્ય કોઇ ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ મંડળ જોડે એકત્રિત થઇ જવું અથવા આવા મંડળો સાથે જોડાણ કરવું.

(૧૨) જ્ઞાતિજનોની વિશિષ્ટ સિદ્ધિઓને સન્માનવા માટેનાં કાર્યક્રમોનું આયોજન કરવું.

(૧૩) ઉપર દર્શાવેલ ઉદ્દેશ્ય સાથે અસંગત ના હોય તેવી શરતી અથવા બિન શરતી દાન મેળવવા.

(૧૪) મંડળની આર્થિક સ્થિતિ સુધારવા માટે નાણાં પ્રાપ્તિનાં હેતુથી કાર્યક્રમો કે અન્ય મેળવડાં કરવા.

(૧૫) મહિલા સમિતિની રચના કરવી. મહિલા સશક્તિકરણ માટે મહિલા સમિતિ બનાવવી. જે માટે પ્રમુખ, મંત્રીની મહિલા સભ્યોમાંથી નિમણૂંક કરવી. જેઓ મહિલાઓનાં ઉત્કર્ષ માટે કાર્યક્રમો કરશે.

(૧૬) મંડળનાં આજીવન સભ્યોને અસાધ્ય બીમારીમાં મદદરૂપ થવા મેડિકલ સહાય કરવા ફંડ ઉભું કરવું તથા કોઇ વીમા કંપની સાથે કોર્પોરેટ પોલિસી મંડળનાં/વ્યક્તિગત નામે મેડિકલ ઇંસ્યોરંસ માટે મદદરૂપ થવું.

(૧૭) ઉપર દર્શાવેલ ઉદ્દેશ્યોની પૂર્તિ માટે તમામ સુસંગત કાર્યો કરવા.

## (૮) સભ્ય પદ:-

"આર્ટીકલ: ૬ ની પેટા કલમ (૨) માં દર્શાવેલ વ્યક્તિ નિયત આજીવન સભ્ય ફી રૂ. ૧૦૦૦/- ભરી, આ મંડળનું સભ્યપદ મેળવી શકશે.જે જ્ઞાતિજનોની આર્થિક પરિસ્થિતિ સારી નથી તેમની ગામ પ્રમાણે યાદી બનાવી કારોબારી સમિતિ મીટીંગમાં મંજૂર કરી આજીવન સભ્ય તથા વેબસાઇટ સભ્ય બનાવી શકાશે."

(૧.) ૯ (નવ) ગામનાં વતની હોય તેવા જ્ઞાતિજન ભારત કે ભારતની બહાર રહેતા હોય તેમ છતાં તેઓ ૯ ગામ (કડાણા, જાગુના મુવાડા, માલવણ, મુનપુર, નવાઘરાં, ખરસોળી, લીંભોલા, બુધપુર, લાલ ખાંટની મુવાડી) નાં અસલ વતની હોવાથી તે આજીવન સભ્ય બનવાને પાત્ર ગણાશે.

(૨) પુખ્ત વયનાં એટલે કે ૧૮ વર્ષથી ઉપરનાં તમામ યુવકોને ફરજિયાત આજીવન સભ્ય બનાવવા.

(૩) આજીવન સભ્યનો જો સ્વર્ગવાસ થાય તો તેમનાં પત્નીનું નામ આજીવન સભ્ય તરીકે આપોઆપ દાખલ થઇ જશે.

(૪) આજીવન સભ્યનાં માનસિક અસ્વસ્થ સંતાનને પણ સાથે જ સભ્ય ગણવાનાં રહેશે તેમજ તેમના માતા-પિતાનાં અવસાન પછી તેમને આજીવન સભ્ય ગણવાનાં રહેશે.

(૫) આજીવન સભ્યની પુખ્તવયની દીકરી અપરીણિત/છૂટાછેડા લીધેલા હોય તેવા સંજોગોમાં આજીવન સભ્ય સાથે જ સભ્ય ગણવાની રહેશે તેમજ તેમના માતા-પિતાનાં અવસાન પછી તેમને આજીવન સભ્ય ગણવાનાં રહેશે.

(૬) સમાજની કોઇ પણ દીકરી મંડળમાં સમાવિષ્ટ ૯ (નવ) ગામ સિવાયનાં અન્ય ગામ/શહેરનાં બ્રાહ્મણ જ્ઞાતિમાં પરણેલી હોય તો તેને આજીવન સભ્ય તેમજ વેબસાઇટ સભ્ય તરીકે દાખલ કરી શકાશે અને તેમનાં સંતાનોને પણ પિતાનાં નામ અને અટકથી આજીવન સભ્ય અને વેબસાઇટ સભ્ય બનાવી શકાશે.

(૭) સમાજની જે દીકરીઓએ બ્રાહ્મણ સિવાયની જ્ઞાતિમાં લગ્ન કરેલાં હશે તો તેમને પોતાના પિતાનાં નામથી જ આજીવન સભ્ય તેમજ વેબસાઇટ સભ્ય બનાવી શકાશે, પરંતુ તેમના સંતાનોને આજીવન સભ્ય તેમજ વેબસાઇટ સભ્ય બનાવી શકાશે નહિ.

(૮) ગેરવર્તણૂંક માટે અથવા આ મંડળનાં હિતની વિરુદ્ધ પ્રવૃત્તિ કરવા માટે સભ્યપદેથી દૂર કરવામાં ના આવ્યા હોય.

## (૯) સભ્યોની સામાન્ય સભા:-

(૧) સામાન્ય રીતે દર વર્ષે હિસાબી વર્ષ પૂરું થયાનાં ત્રણ માસની અંદર સભ્યોની વાર્ષિક સામાન્ય સભા બોલાવવામાં આવશે.

(૨) આ સામાન્ય સભા માટે ૧૦ દિવસ અગાઉ નોટીસ આપવામાં આવશે.

(૩) વાર્ષિક સામાન્ય સભા નીચેના કાર્યો કરવા મળશે.

- (ક) પાછલા હિસાબી વર્ષનાં અહેવાલો તથા હિસાબો મંજૂર કરવા.
- (ખ) આગામી વર્ષનું અંદાજપત્ર મંજૂર કરવા.
- (ગ) આગામી ત્રણ વર્ષ માટે કારોબારી સમિતિની નિમણૂંક/ચૂંટણી કરવી.
- (ઘ) માનદ ઑડિટરની નિમણૂંક કરવા.
- (ચ) પ્રમુખશ્રીની મંજૂરીથી અન્ય કોઇ કામો કરવા.

(૪) વાર્ષિક સામાન્ય સભા માટે કોરમ ૫૦ સભ્યો અથવા નોંધાયેલ સભ્ય સંખ્યાનાં ૧/૩, આ બે પૈકી જે ઓછી હોય તેટલી સંખ્યાનાં સભ્યોનું રહેશે. પરંતુ કોઇ કારણોસર કોરમ ના થાય તો તે જ તારીખે, તે જ સ્થળે, એક કલાક પછી નોન કોરમ મીટીંગ રાખી આગળ ચાલી શકશે. અને આ મીટીંગમાં થયેલા બધા કાર્યો કાયદેસરનાં ગણાશે. પરંતુ નોન કોરમ મીટીંગ બંધારણીય સુધારા કરવા અંગેની કાર્યવાહી કરી શકશે નહિ.

(૫) વાર્ષિક સાધારણ સભામાં બધા નિર્ણયો બહુમતીથી લેવાશે પરંતુ બંધારણીય સુધારા કરવા માટેનાં આ નિર્ણયો કુલ નોંધાતેલી સભ્ય સંખ્યાનાં ૩/૪ સભ્યોની બહુમતીથી જ કરી શકાશે.

(૬) મંડળનાં મંત્રીશ્રી વાર્ષિક સામાન્ય સભાની નોંધ રાખશે અને પ્રમુખશ્રી તેમાં સહી કરશે.

(૭) મંડળનાં પ્રમુખ તેમનાં હોદ્દાની રૂએ સભાપતિ તરીકે ફરજ બજાવશે. પ્રમુખ અને ઉપપ્રમુખની ગેરહાજરીમાં સભા કોઇ પણ એક પણ સભ્યને સભાપતિ તરીકે નીમી શકશે.

*જો કોઇ ઠરાવની તરફેણમાં અને ઠરાવની વિરુદ્ધ સરખા મત પડે તો સભાપતિ પોતાનો કાસ્ટીંગ વોટ આપી નિર્ણય લઇ શકશે.*

(૮) વાર્ષિક સામાન્ય સભામાં હાજરી આપવા કે મતદાન કરવા પ્રોક્સીની નિમણૂંક કરી શકાશે નહિ.

## (૧૦) સભ્યોની ખાસ સામાન્ય સભા:-

(૧) નીચેનાં સંજોગોમાં પ્રમુખશ્રી સભ્યોની ખાસ સાધારણ સભા બોલાવી શકશે.

- (અ) પ્રમુખને ખાસ સાધારણ સભા બોલાવવી જરૂરી લાગે તો.
- (બ) કારોબારી સમિતિનાં બહુમતી સભ્યો કોઇ ખાસ હેતુ માટે ખાસ સાધારણ સભા પ્રમુખશ્રીને વિનંતિપત્ર આપે.
- (ક) જો કુલ નોંધાયેલ સભ્યોનાં ૧/૨ કરતાં વધુ સભ્યો પ્રમુખશ્રીને કોઇ ખાસ હેતુ માટે ખાસ સાધારણ સભા બોલાવવા વિનંતિ કરે તો.

(૨) ખાસ સાધારણ સભા માટે ૧૦ દિવસની નોટિસ આપવામાં આવશે.

(૩) ખાસ સાધારણ સભા માટે કોરમ, સભા નોંધ, પ્રોક્સી વગેરે માટેનાં નિયમો વાર્ષિક સામાન્ય સભાની માફક રહેશે.

## ૧૧. કારોબારી સમિતિ:

(૧) વાર્ષિક સામાન્ય સભા દર ૩ (ત્રણ) વર્ષે ચૂંટાયેલા તમામ સભ્યોની કારોબારી સમિતિની રચના કરશે.

(૨) કારોબારી સમિતિનાં (હોદ્દેદારો સહિત) ૨૧ (એકવીસ) સભ્યોની રહેશે. પરંતુ માલવણ. મુનપુર, જાગુના મુવાડા, તથા કડાણા દરેક ગામનાં ચાર-ચાર સભ્યો રહેશે. તથા અન્ય ગામોનાં ૧-૧ સભ્યની નિમણૂંક કરવી. જેમાં બે મહિલા સભ્યોનો સમાવેશ કરવાનો રહેશે. જરૂર જણાય તો કારોબારી ૨૧ સભ્યોની નિમણૂંક થયા બાદ કો ઓપ્ટ કરી શકશે.

(૩) કારોબારી સમિતિ નીચે મૂજબનાં કાર્યો કરશે:

(૧) પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી, સહમંત્રી અને ખજાનચીની નિમણૂંક કરવી

(૨) મંડળની સંસ્થાઓની મિલકતોની સંભાળ અને દેખરેખ રાખવી તેમજ તે અંગે જરૂરી નાણાં ખર્ચવા. પરંતુ સામાન્ય સંજોગોમાં કારોબારી સમિતિ જે તે ચાલુ વર્ષની મહેસુલી આવક કરતાં વધુ રકમ ખર્ચી શકશે નહિ. પરંતુ જો ખાસ સંજોગોમાં વધુ ખર્ચ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તે માટે સામાન્ય સભાની પૂર્વ મંજૂરી લેવી આવશ્યક છે.

(૩) મંડળની મિલકતોનાં ભાડા નક્કી કરવા, વસુલ કરવા તેમજ તેમાં ફેરફાર કરવો.

(૪) આગામી વર્ષ માટે અંદાજપત્ર તૈયાર કરવું.

(૫) પ્રમુખશ્રીની સંમતિથી મંત્રીશ્રીએ કરેલ ખર્ચ મંજૂર કરવા.

(૬) ખાસ સાધારણ સભા બોલાવવા માટે પ્રમુખશ્રીને વિનંતિપત્ર આપવું.

(૭) મંડળનાં ઉદ્દેશ્યોની પૂર્તિ અંગે જરૂરી નિર્ણયો લેવા.

## ૧૨. કારોબારી સમિતિની સભાઓ:

(૧) કોઇપણ હિસાબી વર્ષ દરમિયાન કારોબારી સમિતિની ઓછામાં ઓછી ૪ સભાઓ મળશે.

(૨) કારોબારી સમિતિની સભા અંગે ૭ દિવસ અગાઉથી નોટિસ આપવામાં આવશે.

(૩) કારોબારી સમિતિની સભા માટે કોરમ સાત સભ્યોનું રહેશે. પરંતુ કોઇ કારણોસર કોરમ ન થાય તો તે જ તારીખે, તે જ સ્થળે અડધો કલાક પછી નોન કોરમ મીટીંગ આગળ ચાલશે અને આ મીટીંગમાં થયેલા બધા કાર્યો કાયદેસરનાં ગણાશે.

(૪) કારોબારી સમિતિમાં બધા નિર્ણયો બહુમતીથી લેવાશે.

(૫) મંડળનાં પ્રમુખ તેમનાં હોદ્દાની રૂએ સભાપતિ તરીકે ફરજ બજાવશે. પ્રમુખશ્રીની ગેરહાજરીમાં ઉપપ્રમુખશ્રી સભાપતિ તરીકેફરજ બજાવશે. પ્રમુખ અને ઉપપ્રમુખશ્રીની ગેરહાજરીમાં સભા કોઇ પણ એક પણ સભ્યને સભાપતિ તરીકે નીમી શકશે.

***જો કોઇ ઠરાવની તરફેણમાં અને ઠરાવની વિરૂદ્ધ સરખા મત પડે તો સભાપતિ પોતાનો કાસ્ટીંગ વોટ આપી નિર્ણય લઇ શકશે.***

(૬) જો પ્રમુખ અને મંત્રી લેખિત પ્રસ્તાવ મૂકી બધા કારોબારી સભ્યો સમક્ષ વારાફરતી રજૂ કરે અને બહુમતિ સભ્યો આ ઠરાવ ઉપર સહી કરી સંમતિ આપે, તો આ પ્રમાણે સર્ક્યુલર દ્વારા થયેલો ઠરાવ કાયદેસરનો ગણાશે અને તે કારોબારી સમિતિ તથા મંડળને બંધનકર્તા રહેશે.

## ૧૩. (અ) પ્રમુખ:

પ્રમુખશ્રીની નિમણૂંક કારોબારી સભા કરશે અને તેઓ ૩ (ત્રણ) વર્ષ સુધી હોદ્દો ધારણ કરશે. પ્રમુખશ્રીનાં અધિકારો અને ફરજો નીચે મૂજબ રહેશે.

(૧) પ્રમુખશ્રી કારોબારી સમિતિને મંડળનાં સંચાલક તરીકે માર્ગદર્શન પૂરું પાડશે તેમજ સભ્યોને કામની સોંપણી કરશે.

(૨) બધા નાણાકીય વ્યવહારો મંત્રીશ્રીનાં સહકારથી કરશે અને બેંક ખાતાઓમાં સહી કરશે.

(૩) સામાન્ય સભા તથા કારોબારી સમિતિનાં કોઇ ઠરાવ અંગે તરફેણમાં અને વિરુદ્ધમાં સરખા મત પડે ત્યારે પોતાનો કાસ્ટીંગ વૉટ આપી નિર્ણય આપી શકશે.

(૪) આર્ટીકલ: ૧૦(એ) માં જણાવ્યા પ્રમાણે ખાસ સાધારણ સભા બોલાવી શકશે.

(૫) મંડળની મિલકતોનું સંચાલન અને જાળવણી કરશે.

(૬) તમામ મીટીંગનો એજંડા કાઢવા બાબતે મંત્રીશ્રીને સૂચન કરશે.

(૭) પ્રમુખ હોદ્દાને રૂએ કારોબારી સમિતિ અને સામાન્ય સભામાં સભાપતિ તરીકે કામ કરી શકશે.

## (બ) ઉપપ્રમુખ:

કારોબારી સમિતિ ઉપપ્રમુખશ્રીની નિમણૂંક કરશે અને તેઓ ૩ (ત્રણ) વર્ષ સુધી હોદ્દો ધારણ કરશે. તેઓ પ્રમુખશ્રીને તેમનાં કાર્યમાં મદદ કરશે. પ્રમુખશ્રીની ગેરહાજરીમાં ઉપપ્રમુખ પ્રમુખ તરીકે ફરજ બજાવશે અને પ્રમુખશ્રીની તમામ સત્તાઓ ભોગવશે.

## (૧૪) મંત્રી:

(૧) કારોબારી સમિતિ ૩ (ત્રણ) વર્ષ માટે મંત્રી તેમજ સહમંત્રીની નિમણૂંક કરશે.

(૨) મંત્રીશ્રીનાં અધિકારો અને ફરજો નીચે મૂજબ રહેશે:

(૧) કારોબારી સમિતિ તેમજ સામાન્ય સભાની મીટીંગો બોલાવવી અને સફળ સંચાલનમાં મદદરૂપ થવું સભાનોંધ રાખવી, ઠરાવ બુક નિભાવવી તેમજ બીજી મીટીંગમાં વાંચવી.

(૨) પ્રમુખશ્રીની સાથે રહી મંડળને લગતાં નાણાંકીય વ્યવહારો, કરારો, દસ્તાવેજો, નાણાંકીય લેવડદેવડ પ્રમુખશ્રીની મંજૂરીથી કરવા.

(૩) પ્રમુખશ્રીની મંજૂરીથી મંડળની મિલકતોનો વહીવટ કરવો તેમજ તે અંગે જરૂરી ખર્ચ કરવો.

(૪) મંડળની મિલકતોની આવક મેળવી તેમજ તે અંગેની વ્યવસ્થિત નોંધ રાખવી.

(૫) મંડળ માટે તમામ દફતર રાખવું તેમજ તે અંગેનો સંપૂર્ણ પત્ર વ્યવહાર કરવો.

(૬) કારોબારી સમિતિ અને સામાન્ય સભાએ કરેલા ઠરાવોનો અમલ કરવો.

(૭) મંત્રીશ્રી કારોબારી સમિતિની મંજૂરી સિવાય રૂપિયા ૨૦૦૦/- સુધીનો ખર્ચ કરી શકશે. આથી વધુ ખર્ચ કરતાં પહેલા કારોબારી સમિતિની પૂર્વમંજૂરી લેવી જરૂરી છે.

(૮) મંડળની આવક-જાવક વ્યવસ્થિત હિસાબ રાખશે તેમજ તેનું વાર્ષિક સાધારણ સભા ભરાય તે પહેલાં ઑડિટ કરાવશે.

## ૧૫. સહમંત્રી:-

સહમંત્રીની નિમણૂંક કારોબારી સમિતિ કરશે અને તેઓ ત્રણ વર્ષ સુધી હોદ્દો ધારણ કરશે. સહમંત્રી, મંત્રીશ્રીની ગેરહાજરીમાં મંત્રી તરીકેની ફરજો બજાવશે તેમજ મંત્રીશ્રીની તમામ સત્તાઓ ભોગવશે અને મંત્રીશ્રીને તમામ કાર્યોમાં મદદ કરશે તેમજ મંત્રીશ્રી દ્વારા સુપરત કરેલી તમામ કામગીરી બજાવશે.

## ૧૬. માનદ ઑડિટર:-

(૧) માનદ ઓડિટરની નિમણૂંક વાર્ષિક સાધારણ સભામાં કરવામાં આવશે અને તેઓ ત્રણ વર્ષ સુધી હોદ્દો ધારણ કરશે.

(૨) ખજાનચી દ્વારા રજૂ થયેલ હિસાબોની ચકાસણી કરશે તથા તે અંગેનો રીપોર્ટ વાર્ષિક સાધારણ સભામાં કરશે.

## ૧૭. ખજાનચી:

(૧) ખજાનચીની નિમણૂંક કારોબારી સમિતિ કરશે અને તેઓ ૩ (ત્રણ) વર્ષ માટે હોદ્દો ધારણ કરશે.

(૨) ખજાનચી હાથ પર સિલક રૂ. ૫૦૦૦/- (અંકે પાંચ હજાર રૂપિયા પૂરા) સુધીની રાખી શકશે.

(૩) મંડળનાં ખજાનચી તમામ ફાળા તેમજ દાન સ્વીકારશે અને તે અંગે જરૂરી પહોંચો આપશે.

(૩) મંડળનાં આવક-જાવકનાં હિસાબો ખજાનચી પાસે રહેશે. દર વર્ષે હિસાબો ઓડિટ કરાવીને ટ્રસ્ટીમંડળની સભામાં રજૂ કરશે.

(૪) ખજાનચી મંડળની સ્થાવર-જંગમ મિલકતોને લગતા સર્વે દસ્તાવેજો, કોંટ્રાક્ટો, એગ્રીમેંટો વગેરેની જાળવણી કરશે.

## ૧૮.બેંક ખાતુ અને નાણાંકીય લેવડ દેવડ:

(૧) કારોબારી સભા નક્કી કરે તે બેંકમાં મંડળનાં નામથી ખાતા ખોલાવી શકાશે. જેની લેવડ-દેવડ પ્રમુખશ્રી, મંત્રીશ્રી, તેમજ ખજાનચી પૈકી કોઇ પણ બે હોદ્દેદારોની સંયુક્ત સહીઓથી સંચાલિત કરવામાં આવશે.

(૨) **મંડળનાં ખર્ચ બાબત :** ટ્રસ્ટનાં ભાડાની, વ્યાજની, નફાની, જમીનની ઉત્પન્ન, તથા પ્રવૃત્તિઓ દ્વારા થયેલ તમામ આવકોમાંથી મંડળનાં હેતુઓ ફળીભૂત કરવા અર્થે હેતુ મૂજબનો ખર્ચ કરવાનો રહેશે. ત્યારબાદ બાકીની આવકની રકમનાં ૧૦% રકમ અનામત ફંડ તરીકે લઇ જવાના રહેશે.

(૩) **મંડળનાં નાણાં રોકવા બાબત:**

મંડળનાં નાણાં અને મિલકતો ધી બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ: ૧૯૫૦ ની કલમ ૩૫ પ્રમાણે રોકવાના રહેશે. મંડળે રૂ. ૫૦૦૦/- (અંકે પાંચ હજાર રૂપિયા પૂરા) થી વધારે રકમ હાથ પર રાખવાની નથી. બાકીની રકમ રાષ્ટ્રીયકૃત /શીડ્યૂલ બેંકમાં રાખવી અને વધારાની રકમ ફિક્ષ ડિપોઝિટ કરશે. બેંકોમાં રાખવામાં આવતા તમામ ખાતાઓ મંડળનાં નામ ઉપર રાખવામાં આવશે.

(૪) **હિસાબ રાખવા બાબત:**

કારોબારી સભ્યો/ ટ્રસ્ટીશ્રીઓએ ટ્રસ્ટની મિલકત વ્યવસ્થા સંબંધિત યોગ્ય હિસાબ રાખવાનો રહેશે. અને તે હિસાબ ધિ બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ: ૧૯૫૦ પ્રમાણે હિસાબી વર્ષ પૂરું થયા પછી ત્રણ માસની અંદર ઓડિટ કરાવી પબ્લિક ટ્રસ્ટ રજીસ્ટ્રેશનની ઓફિસમાં મોકલવાનો રહેશે. ટ્રસ્ટની હિસાબી વર્ષ પહેલી એપ્રિલ થી શરૂ થઇ ૩૧ માર્ચનાં રોજ પૂરું થશે. ટ્રસ્ટી મંડળનાં દરેક ટ્રસ્ટીઓને દર વર્ષે ઓડિટ રીપોર્ટની પ્રત પૂરી પાડવાની રહેશે અને ટ્રસ્ટી મંડળની મીટીંગમાં સંજોગોવશાત અનુપસ્થિત રહેલ સભ્યોને પણ પોસ્ટ દ્વારા અથવા રૂબરૂમાં વાર્ષિક હિસાબ આપવાનો રહેશે.

## ૧૯. નુકશાનની ભરપાઈ કરવા અંગે:

કારોબારી સમિતિનાં દરેક સભ્યો તેમજ હોદ્દેદારો પોતાની ઇરાદાપૂર્વક બેદરકારી કે ભૂલને પરિણામે થતી નુકશાની અથવા જવાબદારી મંડળને ભરપાઇ કરી આપશે. પરંતુ જો તેઓએ સામાન્ય બુદ્ધિથી અને શુદ્ધ ઇરાદાથી કાર્યો કર્યા હોય અને સંજોગોવશાત મંડળને કંઇ નુકશાન થાય અથવા જવાબદારી આવે તો તે માટે કારોબારી સભ્યો કે હોદ્દેદારો જવાબદાર નથી.

## ૨૦. મહેનાતાણું તથા અન્ય ખર્ચ:

કારોબારી સમિતિનાં સભ્યો/હોદ્દેદારો કોઇ પણ જાતનું ભથ્થું કે મહેનતાણું મેળવી શકશે નહિ. પરંતુ આવા હોદ્દેદારોએ મંડળનાં હેતુઓ માટે કે મંડળ માટે જો કોઇ જરૂરી ખર્ચા કર્યા હોય તો તે ખર્ચ કારોબારીની મંજૂરીથી ભરપાઇ કરી આપવા મંડળ જવાબદાર છે.

## ૨૧. બંધારણીય સુધારા:

આ બંધારણની કોઇ પણ કલમમાં સુધારો કરવો હશે તો તે માટે વાર્ષિક સામાન્ય સભા અથવા તો ખાસ સાધારણ સભામાં ૩/૪ કુલ નોંધાયેલ સભ્ય સંખ્યાનાં કરતાં વધુ બહુમતિથી ઠરાવ કરી સુધારો કરી શકશે. પરંતુ નોન કોરમ મીટીંગમાં સુધારા અંગેની કાર્યવાહી થઇ શકશે નહિ.

## ૨૨. બંધારણનું અર્થઘટન:

આ બંધારણનાં અર્થઘટન અંગે કોઇ વિવાદાસ્પદ મુદ્દો ઉભો થાય તો તે અંગેનો નિર્ણય કરવા માટે લવાદ કમિટીની નિમણૂંક કરવામાં આવશે અને લવાદ સમિતિનો નિર્ણય તમામ પક્ષકારો માટે બંધનકર્તા રહેશે.

## ૨૩. વિસર્જન કે એકત્રીકરણ:

કુલ નોંધાયેલી સભ્ય સંખ્યાનાં ૭૫% કે તેથી વધુ સભ્યો વાર્ષિક સાધારણ સભા કે ખાસ સામાન્ય સભામાં ઠરાવ કરી આ મંડળનું વિસર્જન કરી શકશે. પરંતુ વિસર્જન કરતાં પહેલાં મંડળની બધી જ મિલકતોમાંથી છેલ્લી આર્થિક જવાબદારીઓ અદા કર્યા પછી વધની સ્થાવર અને જંગમ મિલકતો આ સંસ્થાનાં હેતુ સાથે સુસંગત હોય તેવી જાહેર સખાવતી સંસ્થાઓને તે વખતની કુલ સભ્ય સંખ્યાનાં ૩/૪ સભ્યોની મંજૂરીથી સુપરત કરી શકાશે. પરંતુ દેવા પૂરે પૂરા ચૂકવવા મિલકતો પૂરી ન હોય તો તેવા સંજોગોમાં બાકી રહેતી જવાબદારીઓ માટે ચાલુ સભ્યો સપ્રમાણ રકમ આપવા બંધાયેલા છે.